ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૨૭.૫ ડીગ્રી
લઘુતમ : ૧૩.૫ ડીગ્રી
ભેજ
સવારે ૫૪ ટકા ● સાંજે ૩૯ ટકા

# ઉત્તરાયણ પર્વમાં ચીકીનું બજાર ગરમ



ગાંધીનગર, તા.૯

ઉત્તરાયણ પર્વને આડે હવે માંડ ગણતરીના દિવસો બાકી રહ્યા છે. ત્યારે શહેરના બજારમાં પતંગ અને દોરીની સાથોસાથ વિવિધ ચીકીઓનું બજાર પણ ગરમા ગરમ છે. શહેરના બજારોમાં અત્યારે હાલ તલની ચીકી, સીંગની ચીકી, દાળીયાની ચીકી, ડ્રાયફ્રુટની ચીકી સહિત ગજકનું ધુમ વેચાણ થઈ રહ્યું છે. ત્યારે ચીકીના બજારમાં ભાવમાં કોઈ વધઘટ જોવા મળતી નથી. ચીકીની દુકાનોમાં હાલ રૂ. ૨૪૦થી લઈને રૂ.૬૮૦ સુધીની ચીકી વેચાઈ રહી છે. ત્યારે ઉતરાયણના તહેવારમાં બાળકોને પતંગ અને દોરીની સાથે અવનવી ચીજવસ્તુઓ પણ ધાબા પર બેસીને આરોગવાની પણ અનેરી મજા હોય છે.

મકરસંક્રાંતિના તહેવારને પગલે ગાંધીનગર શહેરની મીઠાઈની દુકાનોમાં વિવિધ પ્રકારની ચીકીઓનું આગમન થઈ ચુંક્યું છે. જેમાં તલની ચીકી, દાળીયાની ચીકી, માવાની ચીકી, મમરાના લાડું, ટોપરાની ચીકી, સીંગની ચીકી, તલની ચીકીની સાથે આજના યુવાનોમાં વિવિધ ફલેવર્ડ ચીકીની પણ બોલબાલા જોવા મળી રહી છે. જેમાં ચોકલેટ ચીકી, પાઈનેપલ ચીકી, સ્ટ્રોબેરી ચીકી યુવાવર્ગમાં હોટ ફેવરીટ છે.

જયારે ગુજરાતમાં અન્ય રાજયના નાગરીકો ગજક ખાવાનું સૌથી વધુ પસંદ કરે છે. ગજક એ રાજસ્થાનની વેરાઈટી છે જેમાં સીંગ અને તલ ક્રશ કરેલા હોય છે અને તેમાથી ગજક તૈયાર થાય છે. શહેરના બજારમાં મોટાભાગની ચીકીના ભાવ કિલોના રૂ.૨૪૦ છે જયારે ડ્રાયફ્રુટ ચીકીના કિલોના ભાવ રૂ.૬૪૦ છે. ચીકીના ભાવમાં ગત વર્ષ કરતા કોઈ જ વધઘટ થવા પામી નથી. જયારે દિવાળી બાદ ઉતરાયણના પર્વમાં બજાર જામ્યું છે તેવું વેપારીઓનું કહેવું છે. જયારે ચીકીની સાથે સાથે શિયાળાની સિઝન હોવાથી વિવિધ પાક પણ નાગરીકો ખરીદી રહ્યા છે.ઉતરાયણ પર્વમાં પતંગ ચગાવવાની મોજ માણવાની સાથેસાથે ધાબા પર પરિવારજનો અને મિત્ર વર્તુળ સાથે વિવિધ પ્રકારની ચીકીનો સ્વાદ માણવાની પણ અનેરી મજા આવે છે.

## @ગાંધીનગર

● ગુજરાત નર્સિંગ કાઉન્સિલ દ્વારા ગાંધીનગરની સી.એમ. પટેલ કોલેજ ઓફ નર્સિંગના સંયુકત ઉપક્રમે સે-૧૫માં એલડીઆરપી કેમ્પસ ખાતે વીપીએમપી પોલિટેકનિક કોલેજના હોલમાં સવારે ૯ કલાકે 'ઈનોવેશન્સ ઈન નર્સિંગ' વિષયે રાષ્ટ્રીય કક્ષાનો સેમિનાર યોજાશે.

# સાઈના તરણવીર તન્મય દાસે ઓસ્ટ્રેલિયામાં ૨ મેડલ્સ જીત્યા

ગાંધીનગર, તા.૯

ગાંધીનગરના સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ઈન્ડિયાના યુવા તરણવીર તન્મય દાસે ઓસ્ટ્રેલિયા ખાતેની પેસિફિક ઈન્ટરનેશનલ સ્કૂલ ગેમ્સમાં



ઉત્કૃષ્ઠ દેખાવ કરતા એક ગોલ્ડ અને એક સિલ્વર મેડલ હાંસલ કર્યો હતો. તન્મય દાસ તેમની આંતરરાષ્ટ્રીય કક્ષાની ટૂર્નામેન્ટ પતાવી પરત ફરતા સાઈના ડેપ્યુટી ડાયરેકટરે તેમનું અભિવાદન કર્યું હતું.

ઓસ્ટ્રેલિયાના એડિલેડ ખાતે ગત ડિસેમ્બર માસમાં પેસિફિક ઈન્ટરનેશનલ સ્કૂલ ગેમ્સ ૨૦૧૭ યોજાઈ હતી. આ ટૂર્નામેન્ટમાં ૧૩-૧૪ વર્ષના એજ ગૃપમાં સાઈના તરણવીર તન્મય દાસની પસંદગી થવા પામી હતી. તન્મય દાસે આંતરરાષ્ટ્રીય કક્ષાની સ્વિમીંગ ટૂર્નામેન્ટમાં ૫૦ મીટર બેક સ્ટ્રોક કેટેગરીમાં ગોલ્ડ મેડલ અને ૧૦૦ મીટર બેક સ્ટ્રોક કેટેગરીમાં સિલ્વર મેડલ જીત્યા હતા. તન્મય દાસના ઉત્કૃષ્ઠ પ્રદર્શનથી સાઈ કેમ્પસમાં આનંદની લાગણી પ્રવર્તી રહી છે. તન્મય દાસ ગાંધીનગર પરત ફરતા સાઈના ડેપ્યુટી ડાયરેકટરે અભિનંદન આપી અભિવાદન કર્યું હતું.

# લો, સિવિલની વ્હીલચેર હાડકાં ભાંગે તેવી..!

ગાંધીનગર, તા.૯

ગાંધીનગર સિવિલ હોસ્પિટલ હવે જાણે દર્દીઓ માટે સારવારનું નહી પરંતુ વધુ તકલીફો ભોગવવાનું સ્થળ બની રહ્યું હોય તેવી હાલત જોવા મળી રહી છે. છેલ્લા કેટલાય સમયથી એકસરે અને સીટીસ્કેન મશીનો બાબતે વ્યાપક ફરિયાદો તો હજુ ઉભી છે દર્દીને અકસ્માતને કારણે થાપાનું હાડકું તુટી જવા પામ્યું છે. જેનું ઓપરેશન મંગળવાર અથવા બુધવારે કરવામાં આવનાર છે. આ દર્દીને ઉપર ઓર્થોપેડીક વોર્ડમાં લઈ જવા માટે ફાળવાયેલી વ્હીલચેરમાં ફ્રન્ટવ્હીલ જ ના હોવાથી દર્દીના સગાએ ફરિયાદ કરી તો સ્થળ પરના ઈન્ચાર્જે જવાબ આપ્યો કે 'સાહેબ જે છે તે આજ છે

**અકસ્માતથી ભાંગેલુ હાડકું સંધાવા આવેલા દર્દીના વધુ હાડકાં ભાંગે તેવી હાલત : હોસ્પિટલમાં વ્હીલચેરની અછત : જે છે તેની હાલત ખરાબ છે**

ત્યાં ઘણા સમયથી દર્દીઓ માટેની વ્હીલચેરમાં પણ આગળના પૈડાં ના હોવાની ફરિયાદ ઉઠવા પામી છે. આ પ્રકારની વ્હીલચેરના કારણે ખાસ કરીને ઓર્થોપેડીક દર્દીઓ જેમને ફ્રેકચર થયેલું છે તેમના માથે તુટેલું હાડકું સંધાય તે પહેલા વધુ હાડકાં ભાંગે તેવું બમણું જોખમ પેદા થવા પામ્યું છે.

ગાંધીનગરની સિવિલ હોસ્પિટલમાં દાખલ એક અનેકવાર અમે તંત્રને આ બાબતે ધ્યાન દોર્યું છે પરંતુ કોઈ બીજી વ્યવસ્થા નથી થતી.' આ સાંભળી દર્દીના સગા હેબતાઈ ગયા હતા. ઈન્ચાર્જે જણાવ્યું હતું કે સિવિલ હોસ્પિટલમાં ખૂબ ઓછી વ્હીલચેર છે. આમ દર્દીને પોતાનું તુટેલું હાડકું સાંધવાની સારવાર પહેલા જ વધુ હાડકાં ભાંગે તેવી પરિસ્થિતિ પેદા થવા પામી હતી.



## વાતવાતમાં

● ગાંધીનગરના છેવાડાના જુના સેક્ટરો જેવા કે ૨૫, ૨૬ અને ૨૭માં ઠંડી વધવા સાથે ચોરીનો પણ ઉપદ્રવ વધતા સે. ૨૭ વસાહત મહામંડળ દ્વારા આ વિસ્તારમાં પોલીસ પેટ્રોલીંગ વધારવા તથા હોમરક્ષકદળના કર્મીઓની ચોકી વધારવા માંગ કરવામાં આવી છે. વળી, આ સાથે વસાહત મહામંડળે વસાહતીઓને પણ જુથો બનાવી રાત્રિ ફેરી દ્વારા પોલીસને સહકાર આપવા હાંકલ કરી છે.

● શહેરના ગ-માર્ગ પર ગ-૪ થી ગ-૩ તરફ જતા ગ-૩ સર્કલ નજીક જ મસમોટો ખાડો પડવા પામ્યો છે. જેના કારણે કોઈ વાહનચાલક અકસ્માતનો ભોગ ના બને તે હેતુથી આસપાસના કોઈ જાગૃત વસાહતીએ ખાડામાં ઝાડની ડાળી ભરાવી દીધી છે. જો કે છેલ્લા એક સપ્તાહથી પડેલા આ ખાડાને પુરવા હજુ સુધી તંત્રએ કોઈ તસ્દી લીધી હોવાનું જણાતુ નથી.

● શહેરમાં ફરી એકવાર મનપાના કોર્પોરેટર્સ દ્વારા સેક્ટરોમાં ખુલ્લી જગ્યામાં જ્યાં બાળકોની સંખ્યા વધી આવતી હોય ત્યાં તદ્દન નવા રમતગમતના સાધનો લગાડવામાં આવી રહ્યાં છે. આ સાધનોમાં હિંચકા, લપસણી, ચકરડી વગેરેનો સમાવેશ થાય છે.

# લાયોનેસ કલબ દ્વારા રોડ સેફટી કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા.૯

લાયોનેસ કલબ ઓફ ગાંધીનગર દ્વારા ઘ-૩ સર્કલથી પથિકાશ્રમ સુધી લોકોને ટ્રાફીકના નિયમોથી અવગત કરવા રોડ સફટી કાર્યક્રમ યોજાયો હતો.

આ રોડ સેફટી કાર્યક્રમમાં લોકોને રોડ સેફટી અને ટ્રાફીક નિયમો અંગે જાગૃત કરવા વિવિધ રેડિયમ સ્ટીકરો



પબ્લિક સાધનો પર લગાડવામાં આવ્યા હતા અને લોકોને રોડ સેફટી અંગે જાગૃતિ કરવા કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં લાયોનેસ પ્રમુખ મીનાક્ષીબેન જયસિંઘાની, સેક્રેટરી નીતાબેન રાણા, એરીર્યા ચેરપર્સન અને કમિટી ચેરમેન ચંદાબેન યાદવ કલબ કોર્ડિનેટર મમતાબેન રાવલ તથા મોટી સંખ્યામાં લાયોનેસ સભ્યો હાજર રહ્યા હતા અને પ્રોગ્રામને સફળ બનાવ્યો હતો.

# સેન્ટ્રલ વિસ્ટા પર જલસા સ્ટ્રીટમાંથી કેમેરામેનની બેગ ચોરાઈ

**કેમેરો, બેટરી, લેન્સ, પેન ડ્રાઈવ અને રોકડ ભરેલી બેગની ઉઠાંતરી કરી ગઠીયો પલાયન**

ગાંધીનગર, તા.૯

મહાનગર પાલિકાના સહયોગથી ગાંધીનગરના યુવા ગ્રુપ દ્વારા સેન્ટ્રલ વિસ્ટા રોડ પર સમયાંતરે જલસા સ્ટ્રીટનું આયોજન કરવામાં આવે છે. જેમાં શહેરના યુવક યુવતીઓ એકત્ર થઈ ક્રીએટીવીટી પ્રદર્શીત કરી જલસા સ્ટ્રીટ બનાવી દે છે. ૩૧ ડિસેમ્બરે જલસા સ્ટ્રીટ દરમિયાન શહેરનો એક યુવા કેમેરામેન ગયો હતો ત્યારે તેની કેમેરાની બેગ કોઈ ગઠીયો ચોરી કરી રફુચક્કર થઈ ગયો હતો. આ મામલે સેકટર-૭ પોલિસે ગુનો દાખલ કરી તપાસ શરુ કરી છે.

શહેરના સેકટર-૨-સી પ્લોટ નં. ૯૪૩/૧, ખાતે રહેતો યુવા કેમેરામેન દર્શન ગૌતમભાઈ પુરાણી ૩૧ ડિસેમ્બરે સેન્ટ્રલ વિસ્ટા (સ્વર્ણીમ પાર્ક) ગયો હતો અને જલસા સ્ટ્રીટના કાર્યક્રમમાં જોડાયો હતો. સવારે ૯ થી ૧૦ વાગ્યાના અરસામાં દર્શન પુરાણી તેની કેમેરાની બેગ મુકી તે દરમિયાન કોઈ ગઠીયો આ કેમેરાની આખી બેગ જ ઉઠાવી ગયો હતો કેમેરા બેગમાં લેન્સ, પેન ડ્રાઈવ, બેટરી, કેમેરો અને રોકડ મળી કુલ રૂ. ૧૬,૩૦૦નો મુદ્દામાલ હતો. આ આખી બેગની ઉઠાંતરી કરી ગઠીયો ફરાર થઈ ગયો હતો. દર્શનની ફરિયાદને આધારે સે-૭ પોલિસે કેમેરા બેગ ચોરીની ફરિયાદ દાખલ કરીને ગુનાની ઉંડી તપાસ શરુ કરી છે.

# ત્રાસ આપતા સાસરીયાઓ સામે પરિણીતાની પોલિસ ફરિયાદ

**સાસુ-સસરા અને પતિ સહિત છ સામે સે-૭ પોલિસ સ્ટેશનમાં ગુનો દાખલ**

ગાંધીનગર, તા.૯

શહેરને અડીને આવેલા સરગાસણ ખાતે એક ફલેટમાં રહેતી પરિણીતાએ શારિરીક-માનસિક ત્રાસ આપતા હોવાની ફરિયાદ સાથે સેકટર-૭ પોલિસ સ્ટેશનમાં પતિ, સાસુ-સસરા સહિત છ સાસરીયા સામે એફ.આઈ.આર. કરાવી છે. સે-૭ પોલિસે છ સાસરીયાઓ સામે ગુનો દાખલ કરીને ઘટનાની વધુ તપાસ શરુ કરી છે.

સરગાસણ ખાતે આવેલા શરણ રેસીડેન્સી ખાતે રહેતી પરિણીતા મીનાબેન મુકેશભાઈ ફુલાણીએ સેકટર-૭ પોલિસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદ મુજબ તેના પતિ મુકેશ ફુલાણી બેરોજગાર છે. મીનાબેનની માતા નિવૃત્ત કર્મચારી હોવાથી તેમને નિયમિત પેન્શન આવે છે. આ પેન્શન ઉપર નજર રાખીને મીનાબેનના સાસરીયા માતા પાસેથી રૂપિયા લઈ આવવાનું કહી કામકાજ બાબતે અવારનવાર મ્હેણાંટોણાં મારી શારિરીક માનસિક ત્રાસ આપે છે. પતિ મુકેશ ફુલાણી, સાસુ મધુબેન ફુલાણી, સસરા અશોકભાઈ ફુલાણી, દિયર સતિષ ફુલાણી, દેરાણી કિર્તી ફુલાણી અને દિયર સંજય ફુલાણી સહિત ૬ સાસરિયાઓ સામે ફરિયાદ આપતા સે-૭ પોલિસે ગુનો દાખલ કરી ઘટના અંગે તટસ્થ તપાસ શરુ કરી છે.

# સી.એમ. સ્કૂલ દ્વારા શૈક્ષણિક પ્રવાસ યોજાયો

ગાંધીનગર, તા.૯

શેઠ સી.એમ. શાળા પરિવાર દ્વારા ધોરણ-૧૧ના વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીઓ માટે શૈક્ષણિક પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રવાસ રાજસ્થાનના જોધપુર, રણુજા અને જેલસમેર દર્શન માટે યોજવામાં આવ્યો હતો.

પ્રથમ દિવસે ૧૦૨ વિદ્યાર્થીઓ બે બસ દ્વારા પ્રસ્થાન કરીને જોધપુર પહોંચ્યા હતા. જયાં જોધપુરના ઉદય પેલેસની કલા-કાલીગરી અને બેનમૂન સ્થાપત્યો અને ભવ્યતા નિહાળી વિદ્યાર્થીઓ મંત્રમુગ્ધ થયા હતા. ત્યારબાદ રાજા રજવાડાની વખતની વિન્ટેજ કાર પણ નિહાળી હતી. જોધપુરના પ્રસિધ્ધ મહેરાન ગઢમાં પણ ફરીને મજા



માણ્યા બાદ બીજા દિવસે સુપ્રસિધ્ધ રણુજા ખાતે રામદેવપીરના દર્શન કરીને ધન્યતા અનુભવી હતી. આ સાથે જ ઓમ બન્નાના બુટેટબાબા મંદિરના દર્શન કરીને અચરજ અને શ્રધ્ધા વ્યકત કરી હતી.

ત્રીજા દિવસે જેસલમેર ખાતે રાત્રિના ટેન્ટમાં રોકાણ કરી રણનો રોમાંચક અનુભવ અને ઠંડી સાથે ડેઝર્ટ સફારી, ઊંટ સવારી, રાજસ્થાનના પ્રસિધ્ધ લોકગીતો કાલબેલીયા, ભાતીગળ સંસ્કૃતિ, વેશભૂષા, ખાણી-પીણી, ટુરીઝમ, નૃત્યો અને ડી.જે.દ્વારા ગુજરાતી ગરબા માણવાનો અને પ્રસ્તુતિનો આનંદ લઈ યાદગાર સંસ્મરણો સાથે પરત ફર્યા હતા.

સમગ્ર રાજસ્થાન પ્રવાસનું આયોજન આચાર્ય બી.કે. પટેલના માર્ગદર્શન નીચે સુપરવાઈઝર મુકેશ એમ. પટેલ કન્વીનર સુનીલ પટેલ, ડૉ. ચેતના બુચ, શિક્ષકો મનીષભાઈ, જીજ્ઞા મોદી, ડિમ્પલબેન અને સંદીપ ચૌહાણે કરેલ હતું.

# રામાયણ-મહાભારત આજે પણ એટલા જ પ્રસ્તુત : અંજુમ રજબઅલી

ગાંધીનગર, તા.૯

સે-૧૫ની સરકારી વિનયન કોલેજ ખાતે તા. ૬-૧-૨૦૧૮ના રોજ સત્યાગ્રહ, રાજનીતિ, ચક્રવ્યુહ, દ્રોહકાલ અને લેજન્ડ ઓફ ભગતસિંહ જેવી સફળ હિન્દી ફિલ્મોના વિખ્યાત પટકથા લેખક અંજુમ રજબઅલીના વ્યાખ્યાન અને સંવાદનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની ભૂમિકા અને વકતાઓનો પરિચય હિન્દી વિષયના અધ્યક્ષા ડૉ. અનુપા ચૌહાણે કરાવ્યો હતો. કોલેજના આચાર્ય ડૉ. ભાલોડીયા દ્વારા મહેમાનનું ફુલ અને પુસ્તકની ભેટ દ્વારા સ્વાગત કરવામાં આવ્યું હતું. ત્યારબાદ વકતા અંજુમ રજબઅલીએ 'રામાયણ અને મહાભારત આજે પણ શા માટે પ્રસ્તુત' તેમજ 'સ્ત્રી ચરિત્રો તરફનો દ્દષ્ટિકોણ' આ વિષય પર સરળ અને સહજ શૈલીમાં વ્યાખ્યાન આપ્યું હતું. વ્યાખ્યાન બાદ આ ક્ષેત્રમાં રહેલી તકો અને પડકારોથી માહિતગાર કર્યા. કાર્યક્રમની આભારવિધિ અંગ્રેજી વિષયના અધ્યક્ષા ડૉ. નમિતા શર્માએ કરી હતી. તેમજ સમગ્ર કાર્યક્રમનું આયોજન ભુગોળ વિષયના અધ્યક્ષા ડૉ. નિયતી મિસ્ત્રીના માર્ગદર્શનમાં થયું હતું.

## ચિરવિદાય

- સ્વ. રણજીતકુમાર ફુલાજી ઠાકોર, ઉ.વ. ૩૧
- સ્વ. બાદરજી મોતીજી ડાભી, ઉ.વ. ૯૦
- સ્વ. શુશીલાબેન રમણલાલ રાવલ, ઉ.વ. ૮૭
- સ્વ. ઈશ્વરજી આતાજી ઠાકોર, ઉ.વ. ૬૫

# રાષ્ટ્રીય સમુદ્ર તરણ સ્પર્ધામાં ગાંધીનગરના સ્વિમરો ઝળકયા



ગાંધીનગર, તા.૯

જાન્યુઆરી મહિનામાં શિયાળો જયારે તેની ચરમસીમાએ છે ત્યારે આવી કડકડતી ઠંડીના વાતાવરણમાં પોરબંદર ખાતે શ્રીરામ સીસ્વિમીંગ કલબ તરફથી છઠ્ઠી અને સાતમી જાન્યુઆરીના રોજ યોજાયેલ રાષ્ટ્રીય સમુદ્ર તરણ સ્પર્ધા ૨૦૧૮માં સચિવાલય જીમખાના સ્વીમીંગ પુલના સ્વિમરોએ ભાગ લીધો હતો.

સચિવાલય જીમખાના સ્વિમીંગ પુલના ૬ સ્વિમરોએ કોચ કે.જી. ભગતના માર્ગદર્શન હેઠળ સ્પર્ધામાં ભાગ લીધો હતો. સદર સ્પર્ધામાં મહિલા કોચ મનીષા ત્રિપાઠીએ સિનિયર સિટીઝન કેડરમાં ૧ કિમી તરણસ્પર્ધામાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યુ હતું. તેમને શિલ્ડ તથા પ્રમાણપત્રથી સન્માનવામાં આવ્યા હતા જયારે સદર કેટેગરીમાં શરદ વ્યાસે ૧ કિમીની સ્પર્ધા નિર્ધારીત સમય કરતા પહેલા પૂર્ણ કરી હતી. સ્વિમીંગ પુલના યુવા સ્પર્ધક પ્રણવ પટેલ, સુમિત ચૌધરી અને તોફીક મેમણે અનુક્રમે ૧ કિમી, ૨ કિમી તથા ૫ કિમીની સ્પર્ધા તેમજ મેહુલ પ્રજાપતિએ ૧ કિમી તથા ૨ કિમીની સ્પર્ધા નિર્ધારિત સમય પહેલા પૂર્ણ કરી હતી. આ બધા સ્વિમરોએ સમુદ્ર સ્વિમીંગનું કૌવત દાખવી સચિવાલય જીમખાના તથા ગાંધીનગર શહેરને ગૌરવ અપાવ્યું છે.

# સે-૬માં ચાલતા જતા યુવાનનો મોબાઈલ લુંટીને લુંટારૂ ફરાર

**મોડી સાંજે મોબાઈલ પર વાત કરતા કરતા જતાં યુવાનને ટાર્ગેટ બનાવી એકટીવામાં આવેલા ત્રણ શખ્સો લુંટી ગયા**

ગાંધીનગર, તા.૯

પાટનગરમાં દિનપ્રતિદિન ચોરી લુંટ અને ઘરફોડ જેવા મિલ્કત સંબંધી ગુનાઓ વધી રહ્યા છે ત્યારે પોલિસ લમણે હાથ મુકીને બેસી રહી હોય તેમ લાગી રહ્યું છે. જો કે વીઆઈપી મુવમેન્ટને કારણે બંદોબસ્તમાં સતત વ્યસ્ત રહેતી પોલિસ આ મુદ્દે લાચાર હોય તેમ જણાઈ આવે છે. ગઈ મોડી સાંજે ખુલ્લેઆમ સતત અવરજવર વાળા વિસ્તારમાં એટલે કે સેકટર-૬ ભુવનેશ્વર મહાદેવ મંદિર સામે એક યુવાનનો મોબાઈલ લુંટી એકટીવા પર આવેલા લુંટારૂઓ ફરાર થઈ ગયા હોવાની ઘટના પ્રકાશમાં આવી છે.

મળતી માહિતી મુજબ શહેરના સેકટર-૬ વિસ્તારમાં ભુવનેશ્વર મહાદેવ મંદિરની બાજુમાં સી.પી. ડબલ્યુ.ડી. કોલોની નજીકના રોડ ઉપરથી ગઈ મોડી સાંજે એક યુવાન મોબાઈલ ઉપર વાત કરતા કરતા ચાલતો જઈ રહ્યો હતો. અંધારાનો લાભ લઈ એકટીવા પર નીકળેલા ત્રણ યુવા શખ્સોએ આ ચાલતા જતા યુવાનને ટાર્ગેટ બનાવી તેને લુંટી લીધો હતો. યુવાનના હાથમાંથી મોબાઈલ ઝુંટવી લઈ એકટીવા પર આવેલા ત્રણ લુંટારૂઓ મોબાઈલની લુંટ ચલાવી રફફુચક્કર થઈ ગયા હતા. યુવાને બુમાબુમ કરતા ટોળુ ભેગું થઈ ગયું હતું પરંતુ ત્યાં સુધીમાં લુંટારૂઓ નાસી છુટયા હતા. ઘટના સ્થળે પોલિસ પણ આવી પહોંચી હતી. જો કે આખરે આ મામલે કોઈ પોલિસ ફરિયાદ થવા પામી ન હતી.